# લોકભારતી અધ્યાપન મંદિર-સણોસરા

સ્થાપના -03/08/1948, રજીનં. ઈ-133
ગુજરાત રાજયની નં. 41/STP/10009/J થી માન્યતા પ્રાપ્ત
NCTE માન્યતા ક્રમાંક : 312042 : WRC/5 -6/2000/62/6

વાર્ષિક આયોજન પ્રમાણે લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ ટ્રસ્ટ, જી.સી.ઇ.આર.ટી. અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા યોજાતા કાર્યક્રમોમાં તાલીમાર્થીઓ તથા અધ્યાપકોએ સક્રિય ભાગીદારી કરી.

લોકભારતી અધ્યાપન મંદિરની પરંપરા મુજબની ઓળખ જેનાથી ઊભી થઈ રહે તેવા નોધપાત્ર-ધ્યાનાકર્ષક કાર્યક્રમો આ પ્રમાણે છે.

અધ્યાપન મંદિરની ઘણા સમયથી પડેલી ખાલી જગ્યાઓના અનુસંધાને સામાજીક વિજ્ઞાનના અધ્યાપક શ્રી અમિતભાઈ સાસાણી માર્ચ ૨૦૧૭ થી જોડાયેલ છે.

ચાલુ વર્ષે નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કૂલિંગ (NIOS) નું કેન્દ્ર લોકભારતી અધ્યાપન મંદિરને સોપવામાં આવેલ છે જેમાં જેસર અને પાલીતાણાના શિક્ષકો તાલીમ લઈ રહ્યા છે.

અધ્યાપન મંદિરમાં પૂર્વ વિદ્યાર્થી ફંડમાંથી એક નવા વર્ગખંડનું નિર્માણ થયેલ છે.

ચાલુ વર્ષે ઘોઘા તાલુકામાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણનો એક પ્રયોગ યુનિસેફ દ્વારા શરૂ કરવામાં આવનાર છે.

લોકભારતી ગ્રામ વિદ્યાપીઠ દ્વારા યોજાતા નીચેના જેવા કાર્યક્રમોમાં ભાગીદારી કરી.

રક્ષાબંધન, ૧૫મી ઓગસ્ટ, આનંદ બજાર, ૨જી ઓક્ટોબર, ગ્રામ જીવન યાત્રા, વાર્ષિકોત્સવ, વિવિધ વ્યાખ્યાનમાળાઓ, સમૂહ ભોજન, રમતોત્સવ, સાહસ દોડ

<u>અધ્યાપન મંદિર દ્વારા યોજાતા કાર્યક્રમો</u>

વર્ષા મંગલ, રમતોત્સવ, ખજાનાનીશોધ, શિશિરોત્સવ-સ્વયંપાક, ઉત્સવોની ઉજવણી, પ્રાયોગિક પાઠ, કમ્પ્યુટર પાઠ, યોગ-સંમેલન, મંત્રીમંડળ, વાલીમિલન, રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી,ભાષાદિનની ઉજવણી, દિક્ષાંત કાર્યક્રમ વગેરે જેવા ક્ષમતાવર્ધન કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓએ આયોજન-અમલની તાલીમ લીધી.

ચાલુ વર્ષે ગાંધી ૧૫૦ નિમિત્તે બીજા વર્ષનો શૈક્ષણિક પ્રવાસ ગાંધીનગર મહાત્મા મંદિર, સફાઈ વિધ્યાલય, ગાંધી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ જેવા સ્થળોએ અને પ્રથમ વર્ષનો પ્રવાસ ભાવનગર (દક્ષિણામૂર્તિ બાલમંદિર, બહેરામુંગાશાળા, અંધશાળા, વિજ્ઞાન નગરી, અંકુર મંદબુધ્ધિશાળા, ખોડિયાર મંદિર) યોજાયો.

વર્ષ દરમ્યાન તાલીમાર્થીઓના  ક્ષમતા વર્ધન માટે  યોજાયેલ કાર્યક્રમ
(જાન્યુઆરી ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૮)

| ક્રમ | તારીખ | વક્તાનું નામ | વિષય |
|---|---|---|---|
| ૦૧ | ૦૬/૦૧/૨૦૧૮<br>૦૭/૦૧/૨૦૧૮ | પૂર્વ વિદ્યાર્થી સંમેલન વર્ષ ૧૯૭૫-૭૭<br>જીવન સંધ્યાની એક સાંજ | જીવન સંધ્યાની એક સાંજ |
| ૦૨ | ૦૯/૦૧/૨૦૧૮ | ફિલ્મ દર્શન | તારે ઝમી પર |
| ૦૩ | ૧૨/૦૧/૨૦૧૮ | શિશિરોત્સવ - સ્વયંપાક | શિશિરોત્સવ - સ્વયંપાક |
| ૦૪ | ૧૫/૦૧/૨૦૧૮થી<br>૨૭/૦૧/૨૦૧૮ | ઈન્ટર્નશિપના ચોથા તબક્કાનું આયોજન | નિવાસી ઈન્ટર્નશિપ |
| ૦૫ | ૩૧/૦૧/૨૦૧૮ | શ્રી શીલાબેન બોરિચા | કે.વી.કે.કાર્ય પધ્ધતિ અને નિદર્શન મુલાકાત |
| ૦૬ | ૧૩/૦૨/૨૦૧૮ | બી.એડ.ના પાઠો | બી.એડ.ના પાઠો |
| ૦૭ | ૨૦/૦૨/૨૦૧૮ | ડૉ.બળવંતભાઈ તેજાણી | ભાષાદિનની ઉજવણી શા માટે |
| ૦૮ | ૨૧/૦૨/૨૦૧૮ | ભાષાદિનની ઊજવણી | ભાષાદિનની ઊજવણી |
| ૦૯ | ૨૫/૦૨/૨૦૧૮ | શ્રી ધીરુભાઈ દેસાઈ | મનોવિજ્ઞાન અને વિજ્ઞાનના મનોરંજક પ્રયોગો |
| ૧૦ | ૨૭/૦૨/૨૦૧૮ | મા.ડૉ શ્રી અરુણભાઇ દવે | જીવનમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ |
| ૧૧ | ૨૮/૦૨/૨૦૧૮ | વિજ્ઞાનદિનની ઊજવણી | વિજ્ઞાનદિનની ઊજવણી |
| ૧૨ | ૧૧/૦૩/૨૧૦૮ | મા.શ્રી ટી.એસ.જોષી | G.C.E.R.T. દ્વારા આયોજિત રીસર્ચ સેમીનાર |
| ૧૩ | ૧૬/૦૩/૨૦૧૮<br>૧૭/૦૩/૨૦૧૮ | શ્રી હસમુખભાઇ દેવમુરારિ | આકાશ દર્શન |
| ૧૪ | ૨૦/૦૨/૨૦૧૮ | વિશ્વ ચકલીદિનની ઉજવણી | |
| ૧૫ | ૨૨/૦૨/૨૦૧૮ | વિશ્વ જળદિનની ઉજવણી | |
| ૧૬ | ૨૪/૦૩/૨૦૧૮ | આમસભા | આમસભા |
| ૧૭ | ૦૩/૦૪/૨૦૧૮ | ધાત્રી ફોઉંન્ડેશન | સ્ટેમસેલ જાગૃતિ કાર્યક્રમ |
| ૧૮ | ૦૪/૦૪/૨૦૧૮ | શ્રી તેજસભાઈ ત્રિવેદી | સંસ્કૃત ભાષા સમૃદ્ધી |
| ૧૯ | ૨૦/૦૬/૨૦૧૮ | શ્રી મિતેષભાઈ અને<br>શ્રી નિલેષભાઈ | ગણિત,વિજ્ઞાનના નવા (N.C.E.R.T.)પાઠ્યપુસ્તકનો વર્કશોપ. |
| ૨૦ | ૨૧/૦૬/૨૦૧૮ | શ્રી પીનાકીન ભાઈ | વિશ્વ યોગદિન –યોગ પ્રાણાયામ |
| ૨૧ | ૨૨/૦૬/૨૦૧૮ | શ્રી સાજીદભાઈ અને તેના સહાયકો  (દર્શક લોકગંગા) | ગુજરાતી વ્યાકરણ પ્રવૃત્તિઓ |
| ૨૨ | ૨૩/૦૬/૨૦૧૮ | ફીલ્મદર્શન | હિચકી |
| ૨૩ | ૨૪/૦૬/૨૦૧૮ | શ્રી સાજીદભાઈ અને તેના સહાયકો | ક્રાફટનો વર્કશોપ |
| ૨૪ | ૨૭/૦૬/૨૦૧૮ | વાસુદેવભાઈ સોઢા | નાટય  કલા |
| ૨૫ | ૧૭/૦૭/૨૦૧૮ | પ્રવેશોત્સવ | F.Y.નાં તાલીમાર્થીઓનું સ્વાગત |
| ૨૬ | ૧૯/૦૭/૨૦૧૮ | શ્રી હસમુખભાઈ દેવમુરારિ | સત્રારંભ- પ્રાંસંગિક વક્તવ્ય |
| ૨૭ | ૨૧/૦૭/૨૦૧૮ | તાલીમાર્થીઓ | ચિઠ્ઠીસભા |
| ૨૮ | ૨૬/૦૭/૨૦૧૮ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | સત્રારંભે – પ્રેરણા પાથેય |
| ૨૯ | ૨૮/૦૭/૨૦૧૮ | વિશિષ્ટ સંમેલન અનુસંધાને | ઇન્ટર્નશીપ પી.પી.ટી. અહેવાલ નિદર્શન |

| | | | |
|---|---|---|---|
| ૩૦ | ૦૧/૦૮/૨૦૧૮ થી ૦૩/૦૮/૨૦૧૮ | અભિમુખતા શિબિર પ્રથમ વર્ષ | વાચન શિબિર દ્વિતિય વર્ષ |
| ૩૧ | ૦૪/૦૮/૨૦૧૮ | મા.અગ્રસચિવશ્રી વિનોદ રાવ<br>D.D.O. ભાવનગર<br>D.E.O. ભાવનગર-બોટાદ-અમરેલી | મિશન વિદ્યાસમિક્ષા બેઠક |
| ૩૨ | ૦૫/૦૮/૨૦૧૮ | IFFCO અધિકારી | વૃક્ષારોપણ કાર્યક્રમ |
| ૩૨ | ૧૯/૦૮/૨૦૧૮ | તાલીમાર્થીઓ | ખજાનાની શોધ |
| ૩૩ | ૨૧ થી ૨૩/૦૮/૨૦૧૮ | શ્રી કૌશિકભાઈ અને ભાવનાબેન | વૈદિક ગણિતનો વર્કશોપ |
| ૩૪ | ૨૪/૦૮/૨૦૧૮ | શ્રી નરેન્દ્રભાઈ | ભારત જોડો |
| ૩૫ | ૨૬/૦૮/૨૦૧૮ | શ્રીમતી ભારતીબેન શિયાળ | રક્ષાબંધનની ઉજવણી |
| ૩૬ | ૨૬/૦૮/૨૦૧૮ | તાલીમાર્થીઓ | સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૩૭ | ૨૮/૦૮/૨૦૧૮ | શ્રી હેમંતભાઈ શાહ | મનુભાઈ પંચોળી વ્યાખ્યાનમાળા |
| ૩૮ | ૦૭/૦૯/૨૦૧૮ | શ્રી મનહરભાઈ ત્રિવેદી | પૂજ્ય મૂળશંકર મો. ભટ્ટ વ્યાખ્યાનમાળા |
| ૩૯ | ૦૮/૦૯/૨૦૧૮ | શ્રી હિરેનભાઈ ભટ્ટ ડાયેટ | મિશન વિદ્યા તાલીમ |
| ૪૦ | ૦૯/૦૯/૨૦૧૮ | તાલીમાર્થીઓ | સાંઢીડા – સફાઈ – ભાવનાથ મેળો |
| ૪૧ | ૧૦થી૧૨/૦૯/૨૦૧૮ | તાલીમાર્થીઓ | મિશન વિદ્યાની કામગીરી |
| ૪૨ | ૧૪થી૧૫/૦૯/૨૦૧૮ | F.Y.નાં તાલીમાર્થીઓ | માઈક્રોટીચીંગ |
| ૪૩ | ૧૪૧૭/૦૯/૨૦૧૮ | તાલીમાર્થીઓ | ઇન્ટર્નશિપ તબક્કો-૩ |
| ૪૪ | ૨૬/૦૯/૨૦૧૮ | શ્રી જયશ્રીબેન<br>શ્રી એન.બી.ચૌહાણ | બાળસુરક્ષા |
| ૪૫ | ૨૯/૦૯/૨૦૧૮ | તાલીમાર્થીઓ | ફીલ્મદર્શન |
| ૪૬ | ૦૨/૧૦/૨૦૧૮ | તાલીમાર્થીઓ | ગ્રામજીવન યાત્રાની પૂર્વતૈયારી |
| ૪૭ | ૦૯/૧૦/૨૦૧૮થી ૧૨/૧૦/૨૦૧૮ | S.Y..નાં તાલીમાર્થીઓ | ગાંધી ૧૫૦ નિમિત્તે પ્રવાસ |
| ૪૮ | ૨૭/૧૦/૨૦૧૮ | શ્રી અરુણભાઈ દવે | શ્રી સતારભાઈ મહેતર શુભેચ્છા કાર્યક્રમ |
| ૪૯ | ૨૮/૧૦/૨૦૧૮ | શ્રી અરુણભાઈ દવે | વાલીમીટીંગ |
| ૫૦ | ૨૦/૧૧/૨૦૧૮ | તાલીમાર્થીઓ | બીજું સત્ર પ્રારંભ |
| ૫૧ | ૦૧/૧૨/૨૦૧૮ | તાલીમાર્થીઓ | ફિલ્મદર્શન |
| ૫૨ | ૦૫/૧૨/૨૦૧૮થી ૧૧/૧૨/૨૦૧૮ | તાલીમાર્થીઓ | બાલવાડી પૂર્વતૈયારી |
| ૫૩ | ૦૭/૧૨/૨૦૧૮ | શ્રી રામચંદ્રભાઈ પંચોળી | વિશ્વશાંતિની ગુરુકીલ્લી |
| ૫૪ | ૦૮/૧૨/૨૦૧૮ | શ્રી કેતનભાઈ મોદી | ફોટોગ્રાફી વર્કશોપ |
| ૫૫ | ૧૨/૧૨/૨૦૧૮ | બાલવાડી શિબિર | બાલવાડી શિબિર |

**સતત શિક્ષણ – Internship**

આ વર્ષે સતત શિક્ષણ નવા માળખા મુજબ નીચે આપ્યા મુજબ યોજાયું. જાન્યુઆરી અને જુલાઈ માસમાં યોજાયેલ સતત શિક્ષણમાં તાલીમાર્થીઓએ જે તે શાળામાં સ્થાયી નિવાસ કર્યો – જાતે રસોઈ બનાવી. આ દરમ્યાન વિવિધ પધ્ધતિએ વર્ગશિક્ષણ, બાલમેળો, રેલી, ગ્રામસફાઈ, વૃક્ષારોપણ, પ્રદર્શન, કમ્પ્યૂટર

પાઠ, વૈજ્ઞાનિક રમકડાં બનાવવા, વિજ્ઞાનના પ્રયોગો, બુલેટિન બોર્ડ, સર્વેક્ષણ, વ્યકિત અભ્યાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ, ગ્રામસભા જેવા કાર્યક્રમોના આયોજન -અમલ -મૂલ્યાંકનની તાલીમ તાલીમાર્થીઓને મળી.

| માસ | ગામના નામ | પ્રથમ વર્ષ / દ્વિતીય વર્ષ | દિવસ |
|---|---|---|---|
| જાન્યુઆરી- તા. ૧૨ થી ૨૬ | ભાલર, ચાપરડા, બુઢણા, લવરડા, નૈપ, કળસાર, બાબરીયાત, પીંગળી, માંડવડા, દુધાળા | પ્રથમ વર્ષ/ દ્વિતીય વર્ષ | ૧૫ |
| જુલાઈ – તા. ૨ થી ૧૪ | માયધાર, ભાંખલ, આંકોલાળી, જમણવાવ, રતનપર, થાળા | દ્વિતીય વર્ષ | ૧૨ |
| ઓગસ્ટ | લોકભારતી , કન્યાશાળા સણોસરા, કેન્દ્રવર્તી શાળા સણોસરા , વડીયા શાળા સણોસરા, સાકરીયા શાળા સણોસરા, વાવડી, સાંઢીડા , ઢાંકણ કુડા, ચોરવડલા, કૃષ્ણ પરા | પ્રથમ વર્ષ / દ્વિતીય વર્ષ | ૪ + ૪ |
| સપ્ટેમ્બર | શિશુવિહાર બાલમંદિર, દક્ષિણામૂર્તિ બાલમંદિર | પ્રથમ વર્ષ | ૩ |

<u>સજ્જતા – વિસ્તરણ કાર્યક્રમો</u>

- <u>ક્રાફ્ટ નિર્માણ વર્કશોપ :</u>
- G.C.E.R.T. દ્વારા યોજાયેલ રીસર્ચ પેપર રજૂઆત સેમિનાર તથા BRC,CRC તાલીમ
- મિશન વિદ્યા :
  અંતર્ગત તમામ તાલીમાર્થી ઓ માટે તાલીમ યોજાઈ તથા મૂલ્યાંકન કામગીરી અર્થે સિહોર, ઉમરાળા, જેસર, ગારીયાધાર તાલુકાની પ્રાથમિક શાળાઓમાં પ્રશંસનીય કામગીરી તાલીમાર્થીઓએ કરી.
- <u>ICT વર્કશોપ :</u>
  તાલીમાર્થીઓની તકનીકી સજ્જતા વિકસે એ માટે તા.૨૪/૨૫ નવેમ્બર એક વર્કશોપ યોજાય ગયો. જેમાં પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ સુંદર ભાગીદારી કરી. કમ્પ્યુટર નેટ દ્વારા જીવાતા જીવનમાં અને શિક્ષણમાં ગુણવત્તા કેમ લાવી શકાય તેની તાલીમ મળી. શ્રી નવનીતભાઈ રાઠોડ અને તેમની ટીમે માર્ગદર્શન પૂરું પાડ્યું. તેમજ તાલીમાર્થીઓને તાજેતરમાં પ્રાથમિક શાળામાં શરુ થયેલ જ્ઞાનકુંજ કાર્યક્રમનું નિદર્શન આપ્યું.
- ફોટોગ્રાફી વર્કશોપ:
  શ્રી કેતનભાઈ મોદીની સાથે તા. ૦૮/૧૨/૨૦૧૮ના રોજ તાલીમાર્થીઓએ ફોટોગ્રાફી-એક કલા વર્કશોપમાં સૈદ્ધાંતિક અને પ્રત્યક્ષ માહિતી મેળવી.
- બાલવાડી શિબિર :
  આ વર્ષનો બાલવાડી શિબિર તા.૧૨/૧૨/૨૦૧૭ થી તા. ૧૭/૧૨/૨૦૧૭ દરમ્યાન યોજાય ગયો. જેમાં તાલીમાર્થીઓએ સાત દિવસ પૂર્વ તૈયારીમાં વિશ્વશાંતિની ગુરુકિલ્લી, દિવાસ્વપ્ન, તોતોચાનનો સ્વાધ્યાય રજૂઆત કર્યા તેમજ છ કાર્યશાળાની સંચાલક ટુકડીએ સઘન પૂર્વ તૈયારી કરી. શિબિર દરમ્યાન F.Y.B.R.S. તથા F.Y.D.El.Ed. શિબિરાર્થી તરીકે તથા B.Ed. અને S.Y.D.El.Ed. ના તાલીમાર્થીઓ સંચાલકની ભૂમિકામાં રહ્યા. શિબિર દરમ્યાન આસપાસની

શાળાના ૮૦૦ બાળકો તથા શિક્ષકોએ મુલાકાત લીધી. શિબિર દરમ્યાન નીચે મુજબના કાર્યક્રમો રહ્યા.

### ૪૭મો બાલવાડી શિબિર – સમય પત્રક તા. ૧૨/૧૨/૨૦૧૮ થી ૧૭/૧૨/૨૦૧૮

| ક્રમ | તારીખ- વાર | સવારની સભા<br>સમય : ૦૭;૩૦ થી ૦૮:૫૦ | બપોરની સભા<br>સમય : ૦૧:૫૦ થી ૦૩:૩૦ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|
| ૧. | ૧૨/૧૨/૨૦૧૮<br>બુધવાર | પ્રારંભ<br>ડો.શ્રી અરુણભાઈ દવે | શ્રી વાસુદેવભાઈ સોઢા<br>વિષય: બાલ વાર્તા આસ્વાદ અને વાર્તાનુંશાસ્ત્ર<br>સંપર્કસૂત્ર : ૯૯૨૫૯૮૬૮૪૬ | સવારે : ૯:૦૦ થી ૧૦:૧૫ અને બપોરે: ૩:૩૦ થી ૫:૦૦ વિવિધ શાળામાં (સંગીત કાર્યશાળા, નાટ્ય શાળા, વિજ્ઞાન કાર્યશાળા, સર્જન કાર્યશાળા, રમતકાર્યશાળા, જીવન કૌશલ્ય કાર્યશાળા) માં તાલીમ અને બાલ સાહિત્ય તથા કમ્પ્યૂટર પ્રદર્શન. રાત્રે બાલ મનોરંજન કાર્યક્રમ<br>************* |
| ૨ | ૧૩/૧૨/૨૦૧૮<br>ગુરૂવાર | શ્રી જનકદાદા<br>વિષય: બાલ વાર્તા – બાલગીત આસ્વાદ<br>સંપર્કસૂત્ર :૯૯૨૫૩૨૩૭૮૪ | શૈશવ સંસ્થા<br>"બાલ રમતો" | |
| ૩ | ૧૪/૧૨/૨૦૧૮<br>શુક્રવાર | શ્રી રમેશભાઈ પરમાર<br>વિષય: તાલની રમત- બાલગીત રચના<br>સંપર્કસૂત્ર :૯૪૨૭૪૩૨૦૭૦ | શ્રી અવનિબેન દવે<br>વિષય: તોત્તોચાનનો આસ્વાદ અને પેરેન્ટીંગ<br>સંપર્ક સૂત્ર: ૯૭૨૩૫૫૧૨૦૧ | |
| ૪ | ૧૫/૧૨/૨૦૧૮<br>શનિવાર | શ્રી કૃષ્ણ દવે<br>વિષય: બાળ કાવ્ય રચના અને આસ્વાદ<br>સંપર્કસૂત્ર : ૯૪૨૬૫૬૩૩૮૮ | શ્રી દક્ષિણામૂર્તિ બાલઅધ્યાપન મંદિર<br>શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર<br>શ્રી ઘરશાળા અધ્યાપન મંદિર<br>વિષય: બાલસાંસ્કૃતિક કાર્યક્રમ<br>સંપર્ક સૂત્ર: ૯૮૨૫૩૪૫૧૫૮ | |
| ૫ | ૧૬/૧૨/૨૦૧૮<br>રવિવાર | શ્રી શક્તિદાન ગઢવી<br>વિષય: બાલમાનસ અને બાલ અધિકાર<br>સંપર્ક સૂત્ર: ૯૪૨૮૨૨૧૭૨૨ | શ્રી પ્રણવભાઈ વ્યાસ<br>વિષય: પપેટસ દ્વારા શિક્ષણ<br>સંપર્ક સૂત્ર: ૯૪૨૮૬૧૫૩૦૯ | |
| ૬ | ૧૭/૧૨/૨૦૧૮<br>સોમવાર | શ્રી મહાવીરસિંહ ગોહિલ<br>વિષય: બાળગીત આસ્વાદ<br>ગિજુભાઈનું બાળસાહિત્ય પરિચય<br>અધ્યાપન મંદિરના અધ્યાપકશ્રીઓ | અહેવાલ તથા પ્રતિભાવ -સંકલ્પ<br>સમય: ૨થી ૩.૦૦<br>સમાપન કાર્યક્રમ<br>સમય: ૦૩.૦૦થી ૫.૦૦<br>મા.શ્રી હસમુખભાઈ દેવમુરારિ | |

### ૪૭મો બાલવાડી શિબિર – અભિમુખતા સમય પત્રક

| ક્રમ | તારીખ- વાર | સવારની સભા<br>સમય : ૦૭;૩૦ થી ૧૦:૧૫ | બપોરની સભા<br>સમય : ૦૧:૫૦ થી ૦૫:૦૦ |
|---|---|---|---|
| ૧. | ૦૫/૧૨/૨૦૧૮<br>બુધવાર | શ્રી અજયભાઈ પ્રજાપતિ<br>વિષય: બાળ વર્તનને સમજીએ<br>સંપર્કસૂત્ર : ૯૪૨૬૩૧૨૩૫૦ | શ્રી અજયભાઈ પ્રજાપતિ<br>વિષય: બાળ વર્તનને સમજીએ<br>સંપર્કસૂત્ર : ૯૪૨૬૩૧૨૩૫૦ |
| ૨ | ૦૬/૧૨/૨૦૧૮<br>ગુરૂવાર | કાર્યશાળા આયોજન<br>દ્વિતીય વર્ષ<br>પૂર્વ તૈયારી<br>પ્રથમ વર્ષ | કાર્યશાળા આયોજન<br>દ્વિતીય વર્ષ<br>પૂર્વ તૈયારી<br>પ્રથમ વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ૦૭/૧૨/૨૦૧૮<br>શુક્રવાર | વિશ્વશાંતિની ગુરુકિલ્લી<br>આસ્વાદ અને સ્વાધ્યાય રજૂઆત | વિશ્વશાંતિની ગુરુકિલ્લી<br>આસ્વાદ અને સ્વાધ્યાય રજૂઆત |
| ૪ | ૦૮/૧૨/૨૦૧૮<br>શનિવાર | ચાલો ફોટોગ્રાફી શીખીએ કાર્યશાળા | ચાલો ફોટોગ્રાફી શીખીએ કાર્યશાળા |
| ૫ | ૦૯/૧૨/૨૦૧૮<br>રવિવાર | કાર્યશાળા આયોજન<br>દ્વિતીય વર્ષ<br>સઘન સફાઈઅને પૂર્વ તૈયારી<br>પ્રથમ વર્ષ | કાર્યશાળા આયોજન<br>દ્વિતીય વર્ષ<br>સઘન સફાઈઅને પૂર્વ તૈયારી<br>પ્રથમ વર્ષ |
| ૬ | ૧૧/૧૨/૨૦૧૮<br>મંગળવાર | દીવાસ્વપ્નનો આસ્વાદ અને સંવાદ | કાર્યશાળા આયોજન<br>દ્વિતીય વર્ષ<br>સઘન સફાઈઅને પૂર્વ તૈયારી<br>પ્રથમ વર્ષ |

- ટેબ્લેટ દ્વારા જ્ઞાનસેતુ કાર્યક્રમનો ઉપયોગ કરવાની તાલીમ મળી. જેનો ઉપયોગ સતત શિક્ષણ અને પ્રાયોગિક પાઠો દરમ્યાન સરસ રીતે થઈ રહ્યો છે.
- બાલમેળો:
  બાલમેળો શીખવા શીખવવાની અસરકારક માધ્યમ બન્યું છે.
  નીચે મુજબના ગામમાં/શાળામાં બાળમેળામાં ભાગીદારી કરી
  પાલનપુર, માયધાર, આંકોલાળી, વાળુકડ, જસદણ –શત્રંગ-જલમેળો, પરવાળા-ગણિતદિનની ઉજવણી
  - <u>શાળા મૂલાકાત :</u>
    અધ્યાપન મંદિરના અધ્યાપકો તથા તાલીમાર્થીઓએ સજ્જતા-વિસ્તરણના કાર્યક્રમો સુપેરે યોજયા. આસપાસની ૪૬ શાળાઓના ૩૩૬૦ બાળકો તથા શિક્ષકોને સંસ્થા દર્શન તથા વિજ્ઞાનપ્રયોગો અને અભિનય ગીતો કરાવ્યા આસપાસની શાળાઓના બાળકો અને શિક્ષકો હવે નિયમિત રીતે આવતા થયા છે. તાલીમાર્થીઓની પણ આ કાર્યક્રમો દ્વારા ગુણવત્તા-આવડત વધ્યા છે.
  - દર્શક લોક્ગંગા કાર્યક્રમ :
    લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્ર આયોજિત દર્શક લોકગંગા કાર્યક્રમમાં તાલીમાર્થીઓ 3-3 સંખ્યામાં આસપાસની 30 શાળાઓમાં નિયમિત રીતે ભાગીદારી કરે છે.
  - સુઘડ લોકભારતી –ભણતા ભણતા કમાણી
    સુઘડ લોકભારતી અંતર્ગત ભણતાં ભણતાં પ્રથમ અને દ્વિતીય વર્ષના 71 વિદ્યાર્થીઓએ કુલ રૂ.1,21,680 કમાણી કરી
  - જીવન કૌશલ તાલીમ:
    આ વર્ષે પણ ચિંતન સાબુ નિર્માણની તાલીમ વિદ્યાર્થીઓને મળી. ચાલુ વર્ષમાં વિદ્યાર્થી દ્વારા રૂ.200 નંગ સાબુ બનાવીને વેચવામાં આવ્યા.

જીવન કૌશલ પ્રવૃત્તિ અંતર્ગત ઉભો સાવરણો બનાવવો, સાબુ બનાવવા, અગરબત્તી બનાવવી, ધુપ બનાવવો મીણબત્તી બનાવવી ચોકલેટ બનાવવી, જામફળની જેલી બનાવવી વગેરે જેવી તાલીમ મળી હજુ પગલુછણીયા બનાવવા, ચોક બનાવવાની તાલીમનું આયોજન કરેલ છે.

- <u>પૂર્વ વિદ્યાર્થી સંપર્ક</u>

પૂર્વ વિદ્યાર્થીઓ નિયમિત રીતે અધ્યાપન મંદિર તેમજ સંસ્થાની મુલાકાતે પરિવાર સાથે આવે છે. દર વર્ષે પૂર્વ વિદ્યાર્થીઓની એક બેચનું સ્નેહ મિલન યોજાય છે. 6 જાન્યુઆરીના રોજ વર્ષ 75-77 ની બેચનું સ્નેહ મિલન યોજાયું. પૂર્વ વિદ્યાર્થીઓ તરફથી એક સ્થાયી ભંડોળ રચાયું છે. પૂર્વ વિદ્યાર્થી માહિતી એકત્રીકરણ માટે ગૂગલ ફોર્મ તૈયાર કરી અપલોડ કરવામાં આવ્યું છે.

- વાંચન પર્વ

વાંચન પર્વ_સત્રમાં એક નિયમિત રીતે યોજાય છે. જેની અસર આપણને પોરસ ચડાવે તેવી થઈ. સર્વોદય સહકારી પુસ્તક ભંડારમાંથી તાલીમાર્થીઓએ નોંધપાત્ર સંખ્યામાં પુસ્તક ખરીદયા તેમજ વાંચ્યા-વંચાવ્યા

- વર્ગશિક્ષણમાં પ્રયોગો :

અધ્યાપકોએ પોતાના વર્ગશિક્ષણમાં પ્રયોગો-પ્રવૃત્તિઓ, પધ્ધતિઓ તેમજ અનુબંધનો અભિગમ અપનાવ્યો. (જેમકે ભાષામાં જે તે કાર્યક્રમના અનુસંધાને નિબંધલેખન, પત્રલેખન થયા. ફિલ્ડવર્ક-ઔષધબાગનાં કામ સાથે ગણિત, હિન્દી, વિજ્ઞાન તથા અંગ્રેજીના શિક્ષણનો કઈ રીતે અનુબંધ કરી શકાય તે પ્રત્યક્ષ શીખવાય.

વિજ્ઞાન-પર્યાવરણ શિક્ષણના ભાગરૂપે વિજ્ઞાનકેન્દ્રમાં પ્રયોગશાળા, ઉર્જાપાર્ક, સાયન્સપાર્ક, ઓષધબાગની જાળવણી તેમજ ચબુતરો, પક્ષીઘર, પક્ષીના પાણીના કુંડા તેમજ સંસ્થાના વિવિધસ્થળોની સુઘડતા આખા વર્ષ દરમ્યાન વિદ્યાર્થીસંભાળે તેવુ ગોઠવાયું છે. આ પ્રોજેકટથી વિદ્યાર્થીને સતત-સઘન પ્રાયોગિક તાલીમ પ્રાપ્ત થઈ છે. આત્મવિશ્વાસ, કામ પ્રત્યેની નિષ્ઠા, શ્રમ કરવાની ટેવની આવડત વિકસી છે.

કમ્પ્યુટર શિક્ષણમાં તાલીમાર્થીઓ દ્વારા કઠિન એકમોને સરળ રીતે સમજાવી શકાય તેવા પાઠોની CD તૈયાર થઈ છે જે અન્યત્ર અધ્યાપન મંદિર તથા પ્રા.શાળાઓમા ઉપયોગી બની છે. (દા.ત.શરીરના તંત્રો, બ્રહ્માંડ, કુદરતી પ્રકોપો વગેરે) જે આપણી વિશેષ ઉપલબ્ધિ કહી શકાય. વર્ષ દરમિયાનના તમામ ઓફિસકાર્ય, હાજરી પત્રકો, આયોજન, અહેવાલ, સુવિચારના બેનર વિદ્યાર્થી તેમજ અધ્યાપક દ્વારા તૈયાર થાય છે. અહેવાલ, સ્મરણમ્ મધુરમ્ - નિર્માણમાં સ્વાવલંબન મેળવ્યું છે. બાલવાડી શિબિર તેમજ સમગ્ર પ્રવૃત્તિ પરિચય સી.ડી. નિર્માણમાં પણ સ્વાવલંબન પ્રાપ્ત થયું છે. આમ કમ્પ્યુટર ઉદ્યોગ દ્વારા સ્વાવલંબનની યોજના સાકાર થતી જાય છે. કોઈ એક કાર્યક્રમ પૂરો થયો તેનું PPT તૈયાર કરવાની આવડત વિકસી છે.

દરેક વિષયને સરળ, રસપ્રદ, પ્રવૃત્તિમય કઈરીતે બનાવાય તેની પ્રત્યક્ષ તાલીમ અધ્યાપક વર્ગખંડમાં આપવા પ્રયત્ન કરે છે. ( ગુજરાતી શિક્ષણમાં પ્રોજેકટ અંતર્ગત પ્રદર્શન નિર્માણ તેમજ અભ્યાસ થયેલ. અંગ્રેજી શિક્ષણમાં પ્રવૃત્તિ દ્વારા વ્યાકરણ સરળ રીતે શીખવવાની પધ્ધતિઓ. ગણિત શિક્ષણમાં પણ ગીતો, મોડેલ્સ, પ્રત્યક્ષમાપન, પ્રોજેકટસ, તેમજ વિજ્ઞાન શિક્ષણમાં જુથ કાર્ય, પ્રયોગો જાતે કરવા, વિસ્તરણ કાર્ય. T.L.M. માં વિદ્યાર્થીઓ દરેક વિષયના T.L.M. જાતે બનાવીને વર્ગશિક્ષણમાં તેનો ઉપયોગ કરે છે. આસપાસની શાળાઓમાં તેનું વિતરણ થાય છે. સમાજવિદ્યા શિક્ષણમાં એકમોનું નાટય રૂપાંતર, એકોકિત, પ્રોજેકટસ વગેરે.) તેમજ વૈજ્ઞાનિક રમકડાં અને સર્જનાત્મક શૈક્ષણિક સાધનો બનાવવાની પણ આવડત વિકસી છે.

સતત અને સર્વ ગ્રાહી મૂલ્યાંકન લેખિત , મૌખિક અને ક્રિયાત્મક પધ્ધતિથી યોજાયા. જેના પરિણામો સંતોષકારક રહ્યાં. નિદાન ઉપચાર પધ્ધતિથી નબળા વિદ્યાર્થીઓ માટે પ્રયત્ન કરવામાં આવ્યો.

- અધ્યાપક સજ્જતા

| અધ્યાપકનું નામ | કાર્યક્રમનં નામ |
|---|---|

| | |
|---|---|
| ડૉ. ભાવનાબેન પાઠક | બાલ અધ્યાપન મંદિર અભ્યાસક્રમ લેખન – GCERT<br>અગત્સ્ય ફાઉન્ડેશન – બેંગ્લોર |
| શ્રી જગદીશગિરિ ગોસાઈ | બાલ અધ્યાપન મંદિર અભ્યાસક્રમ લેખન – GCERT ગાંધીનગર<br>અધ્યાપન મંદિર અભ્યાસક્રમ લેખન – GCERT-ઇડર |

મૂલાકાતી અધ્યાપકશ્રીઓ

અધ્યાપન મંદિરના પૂર્વ આચાર્યશ્રી, અધ્યાપક તથા પૂર્વ વિદ્યાર્થી અધ્યાપન મંદિરમાં નિયમિત સેવાઓ આપી રહ્યા છે.

- શ્રી દેસુરભાઈ આહિર
- શ્રી હસિતભાઈ મહેતા
- શ્રી બળવંતભાઈ તેજાણી
- શ્રી દીપ્તિબેન પંચોળી
- પ્રવીણભાઈ કુકડીયા

ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સ્થિતિ :

| Year | OBC | | SC | | ST | | GEN | | TOTAL | | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | M | F | M | F | M | F | M | F | M | F | |
| 2018-19 | 50 | 52 | 5 | 5 | 3 | 0 | 8 | 24 | 66 | 81 | 147 |
| 2017-18 | 36 | 46 | 3 | 6 | 3 | 0 | 12 | 26 | 54 | 78 | 132 |

ભાવિ આયોજન

- બાલમેળાનાં સ્વરૂપમાં ભાષા, ગણિત, વિજ્ઞાન, પર્યાવરણનો સમાવેશ કરવો.
- ચાલુ વર્ષે ઘોઘા તાલુકામાં પ્રવૃત્તિ દ્વારા શિક્ષણનો એક પ્રયોગ યુનિસેફ દ્વારા શરુ કરવામાં આવનાર છે.જેની જવાબદારી અધ્યાપન મંદિરને સોંપાયેલ છે.
- પૂર્વ વિદ્યાર્થી સંપર્ક સધન કરવો અને એક સ્થાયી ભંડોળ ઉભું કરવું.